જોડાણ-૧.૧૦

પ્રકરણ-૨

ભારતનું ચૂંટણી પંચ

નિર્વાચન સદન, અશોક માર્ગ, નવી દિલ્હી-૧૧૦ ૦૦૧

નરેન્દ્ર એન. બુટોલિયા
ઉપસચિવ

ફોન નં.૨૩૦૫૨૦૧૬
ફેક્સ: ૨૩૦૫૨૦૫૦

http://www.ptubhavnagar.org

નં.૨૩/બીએલઓ/૨૦૧૦/ ઈઆરએસ

તા. ૩જી નવેમ્બર, ૨૦૧૦

પ્રતિ,
તમામ રાજ્યો અને સંઘપ્રદેશોના
મુખ્ય ચૂંટણી અધિકારીઓ

વિષય:- બૂથ લેવલ ઓફીસર ઓ (બીએલઓ) ની નિમણુંક અંગે.

શ્રીમાન/સુશ્રી

૨૬ મી ઓક્ટોબર, ૨૦૧૦ ના રોજ મળેલી મુખ્ય ચૂંટણી અધિકારીની બેઠકમાં અન્ય મુદ્દાઓની સાથે બૂથ લેવલ ઓફીસર ની નિમણૂંક કરવાના મુદ્દાની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બૂથ લેવલ ઓફીસર ઓને મતદારયાદીના ફક્ત એક જ ભાગ માટે જવાબદારી સોંપવાની ચૂંટણી આયુક્તની સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં, કેટલાય બૂથ લેવલ ઓફીસર ઓ પાસે બે અથવા બે થી વધુ મતદાન મથકોનો હવાલો ચાલુ રાખવામાં આવ્યો હતો. આ અંગે ચૂંટણી આયોગે બૂથ લેવલના અધિકારીઓની વધુ નિમણૂંક કરવા માટે ત્વરીત પ્રયત્નો કરવા અને એક બૂથ લેવલ ઓફીસર પાસે એક જ ભાગનો હવાલો રહે તે સુનિશ્ચિત કરવાનું સુચવ્યું હતું. વધુમાં ચૂંટણી પંચે સુચના આપી હતી કે બૂથ લેવલ ઓફીસર સરકારી કર્મચારી હોવા જોઈએ જે તેના હવાલામાં હોય તેવી મતદારયાદીના ભાગમાં મતદાર તરીકે નોંધાયેલા હોવા જોઈએ. શિક્ષકો ઉપરાંત બૂથ લેવલ ઓફીસર તરીકે નિમણૂંક કરી શકાય એવા સરકારી/અર્ધ સરકારી સંવર્ગની સૂચિત યાદી નીચે આપવામાં આવી છે.

૧. આંગણવાડી કાર્યકરો.
૨. પટવારી/અમીન/લેખપાલ
૩. પંચાયત મંત્રી
૪. ગ્રામકક્ષાના કાર્યકરો
૫. વીજળી બીલ વાંચનારાઓ (રીડર)
૬. ટપાલી
૭. સહાયક પરિચારિકાઓ અને દાયણો
૮. આરોગ્ય કાર્યકરો
૯. મધ્યાહન ભોજન યોજનાના કાર્યકરો
૧૦. કરાર આધારીત શિક્ષકો
૧૧. મહાનગરપાલિકાના વેરો ઉઘરાવનારા
૧૨. શહેરી વિસ્તારમાં (ઉચ્ચશ્રેણી કારકુન/નિમ્નશ્રેણી કારકુન) હિસાબી કર્મચારીઓ. મુખ્ય ચૂંટણી અધિકારીએ તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને સૂચના આપવી કે તેઓ માટે જયારે અર્ધ સરકારી કર્મચારીઓની બૂથ લેવલ ઓફીસર તરીકે નિમણૂંક કરે ત્યારે, તેઓએ કોઈ રાજકીય પક્ષ પ્રત્યે નિષ્ઠા ધરાવતા નથી તે સુનિશ્ચિત કરવા આવા કાર્યકરોની વિશ્વસનીયતાની સંપૂર્ણ ખરાઈ કરવી જોઈએ.

આપનો વિશ્વાસુ,

સહી/-

(નરેન્દ્ર એન. બુટોલિયા)